ભાષા સઘળે સ્થળે એક જ છે—તે સાર્વત્રિક છે. જાતિ, ધર્મ, દેશ, વગેરેની ગમે તેટલી ઊંચી દીવાલો આડી ખડકાઈ હોય તોપણ કલા અને સાહિત્ય એ દીવાલોને સહેલાઈથી ટપી જાય છે. રાજકારણ અને અર્થકારણ માનવીને માનવીથી જુદો પાડે છે, દૂર ધસડી જાય છે, અરસપરસની ઓળખાણને પણ ભૂંસી નાખે છે. માનવી માનવીને એકત્ર આણવાનો—એમનાં દિલને સાંધવાનો દેખાવ (જલદી પારખી ન શકાય તેવો દેખાવ) તેઓ ભલે ઊભો કરે; પરંતુ એ એમનો આંતરૂધર્મ—સ્વભાવધર્મ નથી. એકત્ર આણવાનું—સાંધવાનું કાર્ય તો માનવધર્મનું છે; એની એ સ્વાભાવિક વૃત્તિ છે. ને એથી જ તો સઘળા સાચા કલાકારો એ ધર્મની જ ઉપાસના કરે છે. એમ કહો કે, એ ધર્મની ઉપાસના સિવાય હરકોઈ કલાકારની કલાનો વિકાસ સંપૂર્ણતાએ પહોંચી જ શકતો નથી.

છેલ્લાં થોડાંએક વરસો દરમિયાન ગુજરાત—મહારાષ્ટ્રમાં અરસપરસ સાહિત્યની લેવડદેવડ ઠીક ચાલુ થઈ છે. ઉક્ત દૃષ્ટિએ મને એ પ્રવૃત્તિ ઘણી આવકારદાયક અને ઇષ્ટ જણાઈ છે. સાહિત્યની આ તરેહની લેવડદેવડને પરિણામે હવે પછીના દાયકામાં ગુજરાત અને મહારાષ્ટ્ર પરસ્પરની વધુ નજીક આવશે, એકબીજાનાં અંતરંગો વધારે સહાનુભૂતિથી પિછાનતા થશે અને સ્વ૦ સાને ગુરુજી સરખા સાત્ત્વિક સાહિત્યકારનું આંતર-ભારતીનું સ્વપ્ન, ભલે થોડે અંશે પણ સફળ કરી દાખવશે એવી મને આશા છે.

૨

મારા આ સંગ્રહનું નામ 'સ્વપ્નસૃષ્ટિ' છે. એ નામ વાંચતાં જ વાચકોને એમ લાગી જવાનો સંભવ છે કે આ વાર્તાઓ લેખકની કલ્પનાનું કેવળ ઉડ્ડયન હશે. આવો કલ્પનાવિહાર સાહિત્યનું